## -: પ્રાસ્તાવિક :-

કૉલેજકાળ દરમિયાન ગુજરાતી વિષયના અભ્યાસ નિમિત્તે કવિતા પ્રત્યેની મારી અભિરુચિ વિશેષ પાંગરી. એને પરિણામે, ઘણા મંથન, ચિંતન પછી સંશોધનના મારા વિષય તરીકે ગુજરાતી કવિતા પર પસંદગી ઉતરી. તે માટે જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી ગુજરાતી વિષયમાં થયેલા અને નોંધાયેલા વિષયોની સૂચિ તપાસી અંતે સમયના વ્યાપમાં વિકસેલી, સ્વજનના મૃત્યુ પ્રસંગનું નિમિત્ત લઈને લખાતી આવતી, સ્વજનના મૃત્યુનો શોક વ્યક્ત કરતી કવિતાનું ક્ષેત્ર મારી નજરમાં આવ્યું. અર્વાચીનકાળના વિભિન્ન અને વિવિધ તબક્કાઓમાં આ વિષયવસ્તુ લઈને થયેલી કાવ્યરચનાઓ અભ્યાસનીય છે, એમ મને થયું. અને એ દિશામાં હું આગળ વધ્યો. તેનું પરિણામ તે આ શોધપ્રબંધ.

સ્વજનના મૃત્યુપ્રસંગે લખાયેલી કવિતામાં કેન્દ્રસ્થાનેથી અભિવ્યક્તિ પામતો શોક લાગણીનો ઉદ્ગાર પ્રગટાવતી એક ઊર્મિ હોવાથી, તેવાં કાવ્યોને 'શોકોર્મિકાવ્ય' તરીકે ઓળખાવ્યાં છે. શોકોર્મિકવિતા આમ તો ઊર્મિકવિતાના લક્ષણોથી સંપન્ન સ્વરૂપબદ્ધ ઊર્મિકવિતા છે. પરંતુ શોકોર્મિકાવ્યોનો અભ્યાસ કરતાં લાગ્યું કે એનું એક આગવું રૂપ રચાયું છે. અને એથી એક સંશોધનાત્મક અભ્યાસનો અહીં મેં ઉપક્રમ રચ્યો છે. સ્પષ્ટ બાબત એ છે કે, કરુણપ્રશસ્તિકવિતા પણ મૃત્યુ નિમિત્તે લખાતી, સાહિત્યિક મોભો ધરાવતી અને સ્વતંત્ર કાવ્યસ્વરૂપ ધરાવતી દીર્ઘવિરહોર્મિકવિતા છે. તેની સરખામણીમાં લઘુવિરહોર્મિ વર્ગની લાગતી શોકોર્મિકવિતામાં કરુણપ્રશસ્તિથી જુદી પાડતી ભેદરેખા સ્પષ્ટ દેખાઈ આવે છે. અને તેથી શોકોર્મિકવિતાના સ્વતંત્ર કાવ્યસ્વરૂપની ગુંજાશનો તાગ મેળવવાનો મારો પ્રયત્ન રહ્યો છે. શોકોર્મિકવિતાના ઐતિહાસિક અને સાહિત્યિક મૂલ્યોનો વિચાર કરીને અહીં મેં સંશોધન આલેખ આપ્યો છે.

શોકોર્મિકવિતાના સ્વતંત્ર સ્વરૂપવિચારની જિજ્ઞાસાથી પ્રેરાઈ, આશરે ચારસો (૪૦૦) કાવ્યોમાંથી સમાન તત્ત્વો તારવી, તેનું મુખ્ય બાર (૧૨)



kalpana's

પેટાવિભાગોમાં વિભાજન કરી, શોકોર્મિકવિતાનાં વિવિધ પાસાંઓમાંથી ઉપલબ્ધ કાવ્યવિશેષ અને તારણોમાંથી આકાર પામતા કાવ્ય સ્વરૂપને આધારે, શોકોર્મિકવિતાના લક્ષણો અને સંપન્ન સ્વરૂપના પ્રયાસરૂપે સંશોધનની આછી રૂપરેખા તૈયાર કરી. સંશોધન માટે કાવ્યકૃતિઓ અર્વાચીન ગુજરાતી કવિતા-માંથી પસંદ કરી હોવાથી, સંશોધનનો વિષય અને મહાનિબંધનું શીર્ષક ''અર્વાચીન ગુજરાતી શોકોર્મિકાવ્યોનો સમીક્ષાત્મક અભ્યાસ'' રાખી, સમગ્ર અભ્યાસ નીચે મુજબના મુખ્ય ચાર પ્રકરણોમાં આવરી લીધો છે.

(૧) ઊર્મિકવિતા

(૨) શોકોર્મિકવિતાનો સ્વરૂપ-વિચાર.

(૩) અર્વાચીન શોકોર્મિકાવ્યોનો સમીક્ષાત્મક અભ્યાસ.

(૪) શોકોર્મિકવિતાનું સંપન્ન સ્વરૂપ.

સંશોધન દરમિયાન વિવિધ કાવ્યપ્રકારોમાં ઉપલબ્ધ શોકોર્મિકવિતા, વિષાદ અને શોકની તારસ્વરે અભિવ્યક્તિ આપતાં બહુવિષાદકાવ્યો, ગુચ્છકાવ્યો, કરુણની સ્વાનુભૂતિ, મૃત્યુનો કોમળ અભિગમ, અને અંજલિનું કલાત્મક વૈવિધ્ય, ઉપરાંત શોકાંજલિરૂપે વિકસતી શોકોર્મિકવિતાની કલાત્મક અભિ-વ્યક્તિ વિશેનો અભ્યાસ વિશેષ રસપ્રદ અનુભવ આપતો બન્યો. અભ્યાસનું એક બીજું મનહર આકર્ષણ, શોકની અંગત અનુભૂતિનું સાધારણીકૃત વૈશ્વિક વિસ્તરણ અને રૂપાંતર છે. વિવિધ રૂપોમાં ઉપસી આવતી શોક, કરુણ અને અંજલિની કલાત્મકતા શોકોર્મિકવિતાનો ઉત્તમ વૈભવ છે.

શોધપ્રબંધની ટાઇપકોપીમાં ટાઇપની મર્યાદાને કારણે કેટલાક જોડાક્ષર, અનુસ્વાર, વિરામચિહ્નો, હ્રસ્વ, દીર્ઘની જોડણી ઉપરાંત ક્યાંક શ, ઊ, વ, ઋ, દા, ઠ, અ, ય, પ, બ, ધ, ષ, અને ઝ જેવાં કેટલાંક વ્યંજનોની ભૂલો સુધારી હોવા છતાં હસ્તચૂકથી રહી જઇ ગયેલી ભૂલો માટે ક્ષમાયાચના.

આ શોધપ્રબંધના અભ્યાસ દરમિયાન શ્રીમતી હંસા મહેતા પુસ્તકાલય મ.સ.યુનિવર્સીટી, મધ્યસ્થ પુસ્તકાલય (સેન્ટ્રલ લાયબ્રેરી), પ્રો.ભોગીલાલ



kalpana's

સાંડેસરા પુસ્તકાલય, પ્રેમાનંદ સાહિત્યસભા અને શારદા મંદિર ઉચ્ચતર માધ્યમિક વિભાગના પુસ્તકાલયમાંથી, પુસ્તકો માટેની સહાય અને સહકાર ઉલ્લેખનીય છે.

મારા અભ્યાસ અંગે પ્રત્યક્ષ, પરોક્ષરૂપે સતત પત્રાંતર દ્વારા ચિંતીત રહેનાર પૂજ્ય ડૉ.સુજિત પટેલ 'સ્વામી' અને મારા મોટાભાઈ ડૉ.હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય'નું મને વિશેષ સ્મરણ થાય છે. આ ઉપરાંત ડૉ.મફત ઓઝા, ડૉ.કાન્તી રામી, ડૉ.જયંત પાઠક, ડૉ. રમણ સોની, ડૉ.લવકુમાર દેસાઈ, ડૉ.શિરીષ પંચાલ, ડૉ.સુધાબ્હેન પંડ્યા, ડૉ.ચિનુ મોદી, કવિશ્રી ઉશનસ્, ડૉ.મહેન્દ્ર ચોક્સી, ડૉ.ગોપાલ શાસ્ત્રી, ડૉ.રશીદ મીર ઉપરાંત ગુલામ અબ્બાસ (ભેંસવાલા), રમેશ પંડ્યા 'પારસ', અને હરિશ વટાવવાળાએ આપેલાં સલાહ સૂચન અને સહાયનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું. અભ્યાસ માટે પ્રોત્સાહિત કરનાર સ્વ.કવિશ્રી હસિત બુચ, સ્વ. દ્વારકાદાસ પટેલ અને સ્વ.એસ. વી. પરીખ આજે હયાત નથી, એનો વિયોગ અનુભવાય છે.

અભ્યાસવૃત્તિની મારી ઓસરાતી વાટને સંકોરી, કાળજી રાખી, સતત ઊંડું માર્ગદર્શન અને સહાનુભૂતિપૂર્ણ વલણ દાખવી મારા અભ્યાસને આ ભૂમિકા સુધી લઈ આવનાર મારા માર્ગદર્શક ડૉ.સુભાષ દવેનો હું ઋણી છું.

અગવડ વેઠીને પણ, ટાઈપની ભૂલો સુધારવા માટે સતત સહાયરૂપ થનાર મારા મિત્રો શ્રી રમેશ પંચાલ, શ્રી કાંતિલાલ બારોટ, શ્રી રામચંદ પરમાર, શ્રી બી.કે.પટેલ, શ્રી ગિરીશ ભટ્ટ ઉપરાંત મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં આકાશદીપ ગીદવાણી, સુનીલ રાવળ, રાજેશ્રી સપ્રે, પરશુરામ ચૌહાણ, હરિકૃષ્ણ ઠક્કર, મધુ ભટ્ટ અને સ્નેહલ ત્રિવેદીને આ ટાણે સ્મરી લઉં છું.

ખૂબ જ ધીરજપૂર્વક ટાઈપનું કામ સંભાળનાર શ્રી પ્રભાકર જોશી અને દત્તાત્રેય ટાઈપ ઘરનો હું આભાર માનું છું.

શોધપ્રબંધનું કદ મોટું હોવાથી સગવડ માટે બે ભાગમાં વિભાજિત કરીને ગ્રંથ બાંધવામાં આવ્યો છે.



kalpana's

અંતમાં પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે સહાયરૂપ થનાર અને સહાનુભૂતિભર્યું વલણ દાખવનાર અન્ય નામી- અનામી હિતેચ્છુઓ, મિત્રો અને શુભેચ્છકોનો પણ આભાર વ્યક્ત કરું છું.

- વિરંચિ ત્રિવેદી.



kalpana's